મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul
The Taste of India

અંક : ૭ । વર્ષ - 5 । ફેબ્રુઆરી - 2026 (સળંગ અંક : ૫૫)

# દૂધનો સાગર છલકાયો





## વર્ષ - 2021 ની સરખામણીએ વર્ષ 2026 માં 39.50% નો દૂધ સંપાદનમાં ધરખમ વધારો નોંધાયો

**2021 નો આખરી દૂધનો ભાવ 757 રુપિયા હતો જે 2025 માં 982 આપવામાં આવ્યો આમ દૂધના આખરી ભાવમાં 29.72 % વધારો દૂધ સંપાદનના ધરખમ વધારા માટે મહત્વનું કારણ બન્યો છે**

**છેલ્લા સવા ત્રણ વર્ષથી દૂધસાગર ડેરીએ મોંઘવારીનો માર પોતાના માથે સહન કરી સાગરદાણના ભાવમાં એક રુપિયો વધારો નથી કર્યો આ વહિવટીય ઉદારતાએ પશુપાલનના વ્યવસાયને પ્રાણવાયું પૂરો પાડ્યો છે.**

**દૂધસાગર ડેરીની દૂધના ખરીદ ભાવોની સ્થિરતા અને મક્કમતા સાથે વેટરનરી વિભાગની સસ્તી અને ઉત્તમ સેવાઓ ના પરિણામે આ હકારાત્મક વાતાવરણનું નિર્માણ થયું છે**

# વિતેલા છ વર્ષના દૂધ સંપાદનના સુવર્ણ દિવસોની તવારીખ







મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે ; આપણી દૂધસાગર ડેરીમાં વર્ષ 2021 ની 9 ડિસેમ્બરના રોજ તે વર્ષનું સર્વશ્રેષ્ઠ દૂધ 32,54,901 કિલો નોંધાયું હતું. જે પોતાના તમામ રેકોર્ડ તોડી આ વર્ષે એટલે કે ; વર્ષ 2026 ની 15 મી જાન્યુઆરીએ 45 લાખ કિલો ને વટાવી 45,40,679 ના ઉચ્ચત્તમ સ્તરે પહોંચવા પામતાં 5 વર્ષની સરખામણી કરીએ તો મહેસાણા દૂધસાગર ડેરીના દૂધ સંપાદનમાં 39.50% નો ધરખમ વધારો નોંધાવા પામ્યો છે. સંસ્થાના મુખપત્ર તરીકે દૂધસંપાદનમાં થયેલી આ ભરપૂર આવક માટે કયા પરિબળોએ ઉત્તમ ભૂમિકા નિભાવી ? તે જાણવાનો અમે નિષ્ણાતો અને પશુપાલકો પાસેથી પ્રયત્નો કર્યો ત્યારે દૂધસાગર ડેરીના વહિવટના 19 મુદ્દા એવા ધ્યાનમાં આવ્યા કે ; દૂધસાગર ડેરી તેની સ્થાપનાથી લઈને આજ સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદાન કરી રહી છે.

વર્ષ 2021 થી મેનેજમેન્ટ દ્વારા પશુપાલકોને સૌથી પ્રથમ એક વિશ્વાસ આપવામાં આવ્યો કે, દૂધના ખરીદભાવો સમયાંતરે વધતાં રહેશે અને એક વખત જે ભાવ સુનિશ્ચિત થશે તેમાં કદાપિ ઘટાડો નહીં કરવામાં આવે ! વિતેલા પાંચથી વધુ વર્ષોથી સંસ્થાના નિયામક મંડળે આ બાબતે પોતાની વિશ્વસનીયતા અકબંધ રાખતાં પશુપાલકોમાં આર્થિક સુરક્ષાનું વાતાવરણ નિર્માણ થતાં દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં મેનેજમેન્ટ માટેનો ભરોસો અકબંધ થવા પામ્યો છે. આ સાથે, સંસ્થા દ્વારા આપવામાં આવતા વાર્ષિક ભાવફેરની રકમ પણ અગાઉની સરખામણીએ અનેક ઘણી વધારી દેવામાં આવી તથા ભાવવધારાની બાબતમાં પણ પશુપાલકોને વિતેલા વર્ષ કરતાં - આવનારા વર્ષમાં તેમાં પણ વધારો જ કરવામાં આવશે તેવી મક્કમતા સાથે મેનેજમેન્ટ પશુપાલકોની પડખે ઉભા રહેવાનું સુનિશ્ચિત વચનબદ્ધ થયું હોવાથી સમગ્ર કાર્યક્ષેત્રમાં પશુપાલનના વ્યવસાયમાં અભય અને આત્મવિશ્વાસનો સંચાર થવા પામ્યો હોવાથી આ વર્ષોમાં મહેસાણા દૂધસંઘથી સંકળાયેલા મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાના વિસ્તારોમાં પશુપાલનનો વ્યવસાય અને પશુધનની સંખ્યામાં વધારો નોંધાવા પામ્યો છે.

બાર દૂધાળાં પશુ વ્યાજ સહાય યોજના, 50 દૂધાળાં પશુ વ્યાજ સહાય યોજના જેવી સરકારશ્રીની વિવિધ યોજનાઓને વધુમાં વધુ દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડવાના નિર્ધાર સાથે દૂધસાગર ડેરીએ તેનું પારદર્શક રીતે અસરકારક અમલીકરણ નિભાવ્યું જેના કારણે પશુધન વધારવામાં પશુપાલકોને પીઠબળ પ્રાપ્ત થયું. દૂધસાગરના કાર્યક્ષેત્રમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી દૂધાળાં જાનવર વધે તે

માટે સંસ્થા દ્વારા નિર્મિત સેક્સડ્ સિમેન ડોઝના ભાવોમાં 300% નો જબરજસ્ત ઘટાડો કરવામાં આવતાં પશુપાલકો આ વૈજ્ઞાનિક પદ્ધતિને અપનાવતા થયા તે પણ આ સકારાત્મક વાતાવરણ માટે એક મજબૂત પરિબળ બની ઉભરી રહ્યું છે.

દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ (દૂરડા) દ્વારા દૂધ ઉત્પાદકોને દૂધના ધંધામાં ઉપયોગી એવા સાધનોની સહાયમાં 10% જેટલો વધારો કરીને કાર્યક્ષેત્રના પશુપાલકોને ઓછા ખર્ચે વધુ સુવિધાઓ પ્રાપ્ત થાય તેવી ઉદારનિતી પણ આ ઐતિહાસીક દૂધના સંપાદન માટે પ્રેરકબળ બન્યું હોવાનું પશુપાલકો જણાવી રહ્યા છે. આ સાથે ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને પશુઓ લાવવા માટે સરળતાથી લોન મળી રહે તે માટે ડેરીના ઈતિહાસમાં પ્રથમવાર દૂરડા લોન યોજના ચાલુ કરી તેને પણ અભૂતપુર્વ આવકાર મળ્યો અને જિલ્લાઓમાં નવિન પશુઓ ઉમેરાયા.

મહેસાણા દૂધસાગર ડેરીના મેનેજમેન્ટ દ્વારા પશુપાલકો ઉપર ઓછામાં ઓછો આર્થિક બોજ પડે અને તેઓ ઉત્સાહપૂર્વક આ વ્યવસાયને ગતિશીલ રાખી શકે તે માટે, રો મટેરીયલના ભાવો વધવા છતાં તા.1-11-2022 થી સાગરદાણના ભાવોમાં એક પૈસાનો પણ વધારો કરવામાં આવ્યો નથી. દૂધસાગર ડેરી મોંઘવારીનો માર પોતાના માથે સહન કરી પશુપાલકોને વધુમાં વધુ વળતર મળી રહે તે માટેના મક્કમ વલણને અપનાવતાં - મોંઘવારીના સમયમાં પણ પશુપાલકો આ ધંધામાં ટકી રહ્યા છે અને ઉત્સાહ પૂર્વક આગળ વધી રહ્યા છે.

દૂધસાગર ડેરીમાં દૂધ ભરાવતાં ગ્રાહકોની જીવનવીમા ની રાશિમાં વર્તમાન મેનેજમેન્ટે અત્યાર સુધીમાં 300% નો માતબર વધારો કર્યો હોવાથી તથા પશુપાલકોની વિમા યોજનામાં અગાઉ જે 58 વર્ષની મર્યાદા હતી તે વધારીને 65 વર્ષની કરવામાં આવતાં વિસ્તારના અનેક પશુપાલકોએ પોતાની સુરક્ષા કવચના ભાગરુપે અને પરિવારના ભવિષ્યને ધ્યાનમાં રાખી ખાનગી ડેરીઓમાં દૂધ ભરાવવાનું બંધ કરી દૂધસાગરથી સબંધ સ્થાપિત કર્યો હોવાથી પણ તેની અસર આ ઐતિહાસીક દૂધસંપાદન ઉપર થઇ રહી હોવાનું ડેરી તજજ્ઞો દૂધસાગર પત્રિકાને મક્કમતા પૂર્વક જણાવી રહ્યા છે.

સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતી તમામ દૂધમંડળીઓ અને દૂધ ઉત્પાદકોને ડિજીટલ પ્લેટફોર્મના માધ્યમથી જોડી દેવામાં આવતાં સ્થાનિક દૂધ મંડળી - ગ્રાહક અને મહેસાણા દૂધસંઘ વચ્ચે પારદર્શકતા આવતાં ગ્રાહકોના વિશ્વાસમાં અભૂતપુર્વ વધારો થયો છે. અગાઉ, દૂધમંડળીઓ અને દૂધ ઉત્પાદકોને સમસ્યારુપે સતાવતી હલકા દૂધની પોલીસીમાં મંડળી અને ગ્રાહકને લક્ષમાં રાખી સમગ્ર હલકા દૂધની પોલીસીમાં ધરખમ ફેરફારો કરવામાં આવતાં પણ નુકસાનની ભિતી ઓછી થવા પામતાં મંડળીઓ અને ગ્રાહકોને પ્રાપ્ત થયેલો સંતોષ પણ આ ઉત્તમ વાતાવરણના સર્જનમાં ભાગીદાર બન્યો છે.

દૂધ ઉત્પાદકોને ઉચ્ચ ગુણવત્તાવાળી પશુ ઓલાદ પ્રાપ્ત થાય તેને લક્ષમાં રાખી સંસ્થાએ એમ્બ્રિઓ ટ્રાન્સફર જેવી જટીલ ટેક્નોલોજીને પણ વેટરનરી વિભાગના સહયોગથી પશુપાલકોના આંગણે પહોંચાડવાનો અભિગમ અપનાવ્યો તે પણ દૂધ સંપાદન ના વિકાસ માટે એક અસરકારક ઉપાય બન્યો છે.

વર્તમાન દૂધસાગર ડેરીના મેનેજમેન્ટ દ્વારા : પશુપાલક એજ પ્રથમ !! આ સૂત્રને સાર્થક કરવાના છેલ્લા પાંચ વર્ષથી સતત પ્રયત્ન થઈ રહ્યા છે. જેના ભાગરુપે, દૂધ ઉત્પાદકોના પશુઓને ઉચ્ચ ગુણવત્તાવાળી ઓલાદ જન્મે તે માટેના બીજદાન ડોઝનું પશુઓમાં બીજદાન થાય તે હેતુથી બીજદાન કર્મચારીઓને ઈન્સેટીવ યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા. 108 ની જેમ સિંગલ વિન્ડો સિસ્ટમ દાખલ કરી પશુ સારવારને ઝડપી તથા ઉત્તમ બનાવવામાં આવી અને જિલ્લાના તમામ પશુઓના બિજદાનની વિગતો ડિજીટલ કરવામાં આવી, પડતર પડી રહેતાં પશુઓ ગર્ભધારણ કરે તે માટે સંસ્થા દ્વારા મોટા પાયે કેમ્પો કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું અને અસરકારક ફાર્મ કન્સલ્ટન્સી સેવાઓની સાથે દૂધ ઉત્પાદકોના તમામ નાણાંકીય વ્યવહારોમાં ડિઝીટલ બેન્કિંગ પદ્ધતિ ના શુભ પરિણામ પણ આ ઐતિહાસીક દૂધ સંપાદનમાં દેખાઈ રહ્યા છે. **"ટીંપે ટીંપે સરોવર ભરાય"** એ કહેવતને હાલની દૂધસાગર પારદર્શીતા-પ્રામાણિકતા અને સતત પ્રયત્નશીલ હોવાના પરિણામે **"પશુપાલકોની ગાગરથી સાગર છલકાઈ"** સૂત્રને સાર્થક કરી રહી છે.

# પેરૂ દેશના ૩૦ પ્રતિનિધીઓ દૂધસાગરના મહેમાન બન્યા






**NDDB** દ્વારા ભારત સરકારના વિદેશ મંત્રાલયના ITEC કાર્યક્રમ અંતર્ગત પેરુ દેશના 3 0 પ્રતિનિધીઓ માટે તાજેતરમાં દૂધસાગરના કાર્યક્ષેત્રમાં તાલીમ યોજવામાં આવી હતી.

પોતાની મહેસાણી ભેંસ થકી દૂધની ગુણવત્તામાં સમગ્ર વિશ્વમાં નામના પાત્ર દૂધ ઉત્પાદનો ધરાવતી દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આયોજિત આ તાલીમ શિબીરમાં પ્રોજેની ટેસ્ટીંગ પ્રોજેક્ટના ઉદ્દેશો, મહેસાણી ભેંસ ઓલાદ સુધારણા માટેના સંશોધનો તેમજ ઉચ્ચ આનુવંશિક ગુણવત્તાવાળા સાંઢોના ઉપયોગથી પશુઓની આગામી પેઢીમાં દૂધ ઉત્પાદન વધે તે અંગે માહિતીનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું. સાથે જ દૂધ નોંધણી અને અન્ય પ્રવૃત્તિઓ તથા તેની માહિતી "ભારત પશુધન એપ" માં નોંધવાની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

પેરુ દેશના આ તાલીમાર્થી પ્રતિનિધીઓએ તા.21-1-2026 ના રોજ માણસા તાલુકાના સોલૈયા ગામની સ્થાનિક દૂધ મંડળી તથા અહીંના પશુપાલકોની મુલાકાત કરી વાસ્તવિકતા જાણવાનો અભ્યાસ કર્યો હતો. આ તબક્કે, તેમની P T પ્રોજેક્ટની મુલાકાત પણ યોજાઈ હતી. ઉપસ્થિત દૂધસાગરના અધિકારીઓ અને કર્મચારીઓએ આ વિદેશી મહેમાનોને સંપૂર્ણ જાણકારી આપી સંસ્થાથી અવગત કરાવ્યા હતા.

Scanned with OKEN Scanner

## સમી તાલુકાના મોટા જોરાવરપુરા ખાતે દૂધ મંડળીના નવિન મકાનના શુભારંભ સાથે ચેરમેનશ્રીનો સન્માન સમારોહ યોજાયો




તા. 17 જાન્યુઆરી 2026 ના રોજ સમી તાલુકાના મોટા જોરાવરપુરા ગામ ખાતે સ્થાનિક દૂધ મંડળીના નવિન મકાનના ઉદ્ઘાટન સાથે દૂધસાગરના ચેરમેન તરીકે ફરીથી જવાબદારી વહન કરનાર શ્રી અશોક ચૌધરીનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. પશુપાલક ભાઇઓ બહેનો તથા વિવિધ દૂધ મંડળીઓના હોદેદારો અને સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનોની ઉપસ્થિતી વચ્ચે સદર કાર્યક્રમમાં હવે દૂધસાગર વધુ ગતીએ પ્રગતિની નવી કેડી કંડારશે તે અંગે પરસ્પર વિચાર વિમર્શ થયો હતો. આ કાર્યક્રમમાં પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઇ સિંધવ, રાધનપુરના ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર, પાટણ APMC ના ચેરમેનશ્રી. સ્નેહલભાઇ પટેલ, પાટણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હેતલબેન ઠાકોર અને નિયામક મંડળના સભ્યશ્રી ગીતાબેન ભરવાડ અને શ્રી એન.ડી ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## દૂધસાગર ડેરીના નવનિયુક્ત નિયામક મંડળની પ્રથમ બોર્ડ મિટીંગ યોજાઇ




ગત ડિસેમ્બર - 2025 માં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી-વાઇસ ચેરમેનશ્રી અને તમામ નિયામક મંડળના સભ્યો બિનહરીફ જાહેર થયા બાદ, નવનિયુક્ત આ નિયામક મંડળની પ્રથમ બોર્ડ મિટીંગ યોજાઇ હતી. જેમાં સંસ્થાના M D શ્રી ધીરજકુમાર સાથે અમૂલ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રી. જયેન મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત નિયામક મંડળનો સભ્યોને આ પ્રથમ બેઠકમાં સંસ્થાની કાર્ય પદ્ધતિ અને ઉત્પાદનોથી વાકેફ કરી આગામી સમયના નિતીગત નિર્ણયો તેમજ ભાવિ વિકાસ યોજનાઓ સહિત સંસ્થાને વિકાસના પંથે વધુ ઉંચાઇએ લઇ જવાના મુદ્દાઓ ઉપર વિગતવાર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત તમામ નિયામક મંડળના સભ્યોએ સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીની કાર્યશૈલી અને કુશળતા અંગે એકસૂરે પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## મહેસાણા ખાતે સહકાર ગૌરવ સમારોહ યોજાયો



તા. 11 જાન્યુઆરી 2026 ના રોજ મહેસાણા ખાતે સહકાર ભારતીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી કો. ઓપરેટીવ બેન્ક ઓફ મહેસાણા દ્વારા "સહકાર ગૌરવ સમારોહ" ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સહકાર આંદોલનને આજીવન સમર્પિત અને લોકસેવાના પ્રેરણામુર્તિ સ્વ. શ્રી આત્મારામ કાકાના પ્રેરણાદાયી જીવન આધારિત પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તથા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી, સહકાર ભારતીના રાષ્ટ્રીય સંગઠન પ્રમુખશ્રી. સંજયજી પાંચપોર તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી કાંતિભાઇ પટેલ, જીલ્લા ભાજપના અધ્યક્ષ શ્રી ગીરીશભાઇ રાજગોર, અમૂલ અને દૂધસાગરના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી સહિત ધારાસભ્યશ્રીઓ સુખાજી ઠાકોર, મુકેશભાઇ પટેલ તથા શ્રી નટુજી, કે.સી. પટેલ, રમણભાઇ પટેલ અને સીતાબેન સહિત સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણમાં - હજારો બહેનોએ દૂધસાગરના પુનઃ ચેરમેન બનેલા અશોકભાઇના ઓવારણા લીધા




31 ડિસેમ્બર એટલે કે 2025 ના વર્ષના છેલ્લા દિવસે પાટણ વિસ્તારની અનેકો પશુપાલક બહેનોએ દૂધસાગર ડેરીના પુનઃચેરમેન બનેલા શ્રી. અશોકભાઇ ચૌધરીના ઓવારણા લઇ સત્યના માર્ગ ઉપર ઇશ્વરની સતત તેમને મદદ મળતી રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી. પાટણ વિભાગની વિવિધ દૂધ મંડળીઓ દ્વારા રાખવામાં આવેલ સન્માન સમારંભમાં દૂધ મંડળીઓના પ્રતિનીધીઓ સાથે હજારો પશુપાલક ભાઇઓ - બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પાટણ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી. રમેશભાઇ સિંધવ, પાટણ APMC ના ચેરમેનશ્રી સ્નેહલભાઇ પટેલ, પ્રદેશ ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ શ્રી નંદાજી ઠાકોર તેમજ દૂધસાગર ડેરીના વાઇસ ચેરમેન શ્રી દશરથભાઇ પટેલ અને સભ્યશ્રી પ્રધાનજી ઠાકોર અને શ્રીમતિ સીતાબેન દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા.

Scanned with OKEN Scanner

# NABARD

## ગુજરાતના CGM સાગરના મહેમાન બન્યા




નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રુલર ડેવલોપમેન્ટ (NABARD) ના ગુજરાત રાજ્યના ચીફ જનરલ મેનેજર શ્રી. બી.કે સિંગલજી તાજેતરમાં મહેસાણા ખાતે દૂધસાગર ડેરીની મુલાકાતે પધાર્યા હતા. સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાથે તેમણે ગ્રામીણ ભારતના વિકાસ અંગે તથા ખેતી અને પશુપાલન વિશે વાર્તાલાપ કર્યો હતો.

# MIDFT

## માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેક્નોલોજી

## પુસ્તક વિમોચન



દૂધસાગર ડેરી - મહેસાણા દ્વારા સંચાલિત MIDFT કોલેજના પ્રાધ્યાપકો અને વિધાર્થીઓ દ્વારા કરાયેલા 38 જેટલા વિવિધ સંશોધનો તથા ડેરી ઉત્પાદનોની નવી ટેક્નોલોજી આધારીત **Technologies Available for Commercialization at MIDFT Mehsana** પુસ્તકનું વિમોચન પ્રજાસત્તાક દિને સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ, વાઈસ ચેરમેનશ્રી દશરથભાઈ અને MD શ્રી ધીરજકુમાર ચૌધરીના વરદ્ હસ્તે સંપન્ન થયું.

અશોકભાઈનું Amul મંથન

# અમૂલ ફેડરેશનની વાર્ષિક Hoshin Kanri પ્લાનિંગ મિટિંગ યોજાઈ





તા. 13 અને 23 જાન્યુઆરી 2026 ના રોજ અમૂલ ફેડરેશન દ્વારા આણંદ ખાતે બે જુદી-જુદી હોશિન કાનરી પ્લાનિંગ મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમૂલના આઈસ્ક્રીમ અને ફ્રોજન વિભાગ તથા બીજી બેઠકમાં અમૂલ મિલ્ક તથા વિવિધ ફ્રેશ પ્રોડક્ટના સમગ્ર ભારત ભરના અમૂલ ઉત્પાદનોનું માર્કેટીંગ, સેલ્સ અંગે અમૂલના સપોર્ટ ટીમના અધિકારીઓ સાથે અમૂલના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, વાઈસ ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલીયા અને ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયેન મહેતાએ વિચાર વિમર્શ કરીને દેશ-વિદેશના બજારોમાં અમૂલના ભાવિ વિકાસ માટેની રણનીતી તૈયાર કરી ટીમ વર્કને મહત્વ આપવા અંગેની વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. અત્રે નોંધનીય છે કે ; **Hoshin Kanri** એ જાપાનીઝ માર્કેટીંગ પદ્ધતિ છે જેનો અર્થ નિતી, દિશા અથવા હોકાયંત્રની સોય તથા સંચાલન, નિયંત્રણ અથવા વહિવટ એવો થાય છે. " દિશા વ્યવસ્થાપન " ની આ પદ્ધતિમાં નેતૃત્વથી લઈને પ્રથમ કક્ષાના કર્મચારીઓ સુધી સૌને સાથે રાખી મોટા ઉદ્દેશોને કાર્યક્ષમ બનાવી તેમાં આવતી અડચણો દૂર કરવામાં આવે છે.

Scanned with OKEN Scanner

અશોકભાઈનું Amul મંથન

# Gulfood 26-30 JAN 2026

## GCMMF ના ચેરમેનશ્રી અશોક ચૌધરીએ દૂબઈ ખાતે FOOD EXPO માં અમૂલ વતી પ્રતિનીધીત્વ નિભાવ્યું

**દૂબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે આયોજીત ગલ્ફ ફૂડ એકપોમાં GCMMF (ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન) ના અધ્યક્ષ અશોકભાઈ ચૌધરીએ KMF (કર્ણાટક મિલ્ક માર્કેટીંગ ફેડરેશન) ના નંદિની સ્ટોલનું ઉદ્‌ઘાટન કરી વૈશ્વિક મંચ ઉપર સ્વસ્થ સ્પર્ધા વચ્ચે પણ 'સહકાર હંમેશા એક છે!' સિધ્ધાંતને પ્રતિબિંબિત કર્યો**

















તાજેતરમાં તા.26 થી 30 જાન્યુઆરી 2026 દરમ્યાન દૂબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે GULF FOOD EXPO નું આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખૂબ મોટા પાયે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમૂલ ફેડરેશન દ્વારા આવનારા દિવસોમાં વૈશ્વિક બજારમાં અમૂલના ઉત્પાદનોના વેચાણ અને અમૂલ બ્રાન્ડની વિશ્વસનીયતા સમગ્ર દુનિયામાં મજબૂત બને તે હેતુથી ભાગ લેવામાં આવ્યો હતો. વિશ્વના ખૂણે ખૂણેથી વિવિધ ખાધ ઉત્પાદનો બનાવતી કંપનીઓને એક મંચ પૂરો પાડનાર આ EXPO માં અમૂલનો આત્મ વિશ્વાસ દર્શનીય રહ્યો હતો. ભારતના સહકારી મૂલ્યો અને ખેડૂત કેન્દ્રિત તત્વ ચિંતનના આ નોંધપાત્ર પ્રદર્શનમાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) ના અધ્યક્ષ શ્રી. અશોકભાઈ ચૌધરીએ કર્ણાટક મિલ્ક ફેડરેશન (KMF) ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી. બી. શિવસ્વામી ના આગ્રહને માન આપી KMF દ્વારા સંચાલિત " નંદિની સ્ટોલ " નું ઉદ્ધાટન કરી ભારતના સહકારી ડેરી ક્ષેત્રમાં એકતા અને પરસ્પરની આદર ભાવના અકબંધ છે તેવો મજબૂત સંદેશો વૈશ્વિક મંચ સમક્ષ દૂબઈ ખાતે પૂરો પાડ્યો હતો. અમૂલ અને નંદિની બંને સ્વતંત્ર બ્રાન્ડ તરીકે દેશ અને વિશ્વમાં કાર્યરત હોવા છતાં બંને ભારત માટે સહકારી ચળવળના મુખ્ય સ્તંભો રહ્યા છે જેમણે ; ખેડૂતોના કલ્યાણ, સશક્તિકરણ અને ગુણવત્તા તથા શ્રેષ્ઠતા માટે હંમેશા પ્રતિબધ્ધતા દાખવી છે. આ ઉદ્ધાટનથી એક મહત્વપૂર્ણ સંદેશ મળ્યો છે કે ; બજારમાં સ્વસ્થ સ્પર્ધા અસ્તિત્વમાં હોવા છતાં સહકારી માળખાનો પાયો હંમેશા એક રહ્યો છે. GCMMF એ KMF ના સ્ટોલની લાલ રીબીન કાપી સહકારના છઠ્ઠા સિધ્ધાંત એવા "સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર " ને સાચા અર્થમાં પરિપૂર્ણ કર્યો. સમગ્ર એક્સ્પો દરમ્યાન અમૂલ ફેડરેશનના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, વાઈસ ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલીયા, KMF ના MD બી. શિવસ્વામી અને અમૂલના મેનેજીંગ ડિરેક્ટરશ્રી જયેન મહેતા સહિત ફેડરેશનના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**GCMMF ના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ દેશના બીજા રાજ્યના મિલ્ક ફેડરેશન KMF (કર્ણાટક) ના સ્ટોલનો શુભારંભ કરી ભારતના સહકારી ડેરી ક્ષેત્રમાં એકતા અને પરસ્પર આદર ભાવના પ્રતિકને મજબૂત કર્યું છે. અમૂલ અને નંદિની બંને સ્વતંત્ર બ્રાન્ડ તરીકે દેશના સહકારી ચળવળના મુખ્ય સ્તંભો રહ્યા છે જે ખેડૂત કલ્યાણ, સશક્તિકરણ અને ગુણવત્તા માટે પ્રતિબદ્ધ છે**

Scanned with OKEN Scanner

# ૭૭ મા પ્રજાસત્તાક દિને દેશને સાગર સેલ્યૂટ










## પ્રજાસત્તાક દિવસના પાવન અવસરે મહેસાણાને મળ્યું પ્રથમ અમૂલ કેફે











તા.26 જાન્યુઆરી 2026 ના રોજ ગણતંત્ર દિવસના પાવન રાષ્ટ્રીય અવસરે મહેસાણા શહેરના નાગરિકોને સ્વાદ, શુધ્ધતા અને ગુણવત્તા સાથેના વિશ્વાસ સભર અમૂલ બ્રાન્ડના વિવિધ ઉત્પાદનો એક જ સ્થળેથી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી મહેસાણા શહેરના આંગણે હબટાઉન - મોઢેરા ચોકડી ખાતે પ્રથમ અમૂલ કેફેનો GCMMF અને દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઇ ચૌધરીના વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. અમૂલ ફેડરેશન દ્વારા સંચાલિત આ કેફેના શુભારંભ પ્રસંગે ભાજપ જિલ્લા પ્રમુખ શ્રી ગીરીશભાઇ રાજગોર, રાજસભાના સાંસદ શ્રી મયંકભાઇ નાયક, મહેસાણાના ધારાસભ્યશ્રી મુકેશભાઇ પટેલ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દૂધસાગરને ગણતંત્ર દિનની ગરીમામય ક્ષણે ઉપલબ્ધ થયો પૂર્ણ ક્ષમતા સહિતનો બોઈલર પ્લાન્ટ



ગણતંત્ર દિવસના ઉજ્જવળ રાષ્ટ્રીય અવસરે દૂધસાગર પણ પોતાના સમગ્ર કલેવરને ધીમે ધીમે સમયને અનુરુપ ઢાળી એક નવા રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવા થનગની રહી હોય તે સ્પષ્ટ વર્તાતું હતું. સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી, વાઇસ ચેરમેનશ્રી દશરથભાઇ પટેલ અને M D શ્રી તથા અધિકારીઓની ઉપસ્થિતીમાં 20 ટન/કલાક ની ક્ષમતા ધરાવતા ડ્યુઅલ ઇંધણ (તેલ/ગેસ) થી ચાલતા બોઇલર અને 30 ટન /કલાકની ક્ષમતા ધરાવતા ઘન ઇંધણથી ચાલતા બોઇલરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અત્રે નોંધનીય છે કે ; 30 ટન બોઇલરમાં પ્રતિકીલો વરાળ પર રુ.2 ની બચત થશે. જેથી ઘન ઇંધણ બોઇલરના રોકાણ પર વળતર ફક્ત એક વર્ષમાં સંસ્થાને પરત મળી જશે.

Scanned with OKEN Scanner

# ઈમારત નથી – આ આપણો આત્મા છે
# દૂધસાગર પશુપાલકોના શ્વાસમાં છે : અશોક ચૌધરી

## ડેરીના આંગણે ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી











77 મા પ્રજાસત્તાક દિને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી તથા નિયામક મંડળ અને લાખો પશુપાલકોના સપનાં જાણે વાસ્તવિકતાનું રુપ લઈ સાગર ઉપર ઉતરતા હોય તેમ આજે વેલ્યુએબલ પ્રોડક્ટ્સ ઉત્પાદનના ભાગરુપે નવા પનીર પ્લાન્ટનો પણ શુભારંભ થયો.

આ નવીન પનીર પ્લાન્ટની દૈનિક કેપેસીટી 1 ટનની છે. જે વધુમાં વધુ 2 ટન પ્રતિ દિવસ દરમ્યાન પનીરનું ઉત્પાદન કરી શકે તેમ છે. વર્તમાન સમયે આ પ્લાન્ટમાં 100 ગ્રામ, 200 ગ્રામ અને 1 કિ.ગ્રા પનીરના પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. દેશ અને વિશ્વમાં પનીરની ખૂબ માંગ હોવાથી ખૂબ નજીકના ભવિષ્યમાં દૂધસાગર પણ પોતાની ક્ષમતા વધારશે તેવા વિશ્વાસ સાથે સદર પ્લાન્ટનો શ્રી અશોક ચૌધરીએ શુભારંભ કર્યો હતો. તેમની સાથે સંસ્થાના વાઈસ ચેરમેન શ્રી દશરથભાઈ પટેલ અને MD શ્રી સહિત ડેરીના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.



**આ નવિન પનીર પ્લાન્ટ એ વિકાસને પંથે આગળ વધી રહેલી દૂધસાગર ડેરીની પ્રથમ દસ્તક છે !!**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા

Scanned with OKEN Scanner